**DATE: 18/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–11**

# અંકલેશ્વરના જીન ફળિયામાં IPL મેચ ઉપર સટ્ટો રમતા ચાર સટોડિયા ઝડપાયા




ભરૂચ: આઈપીએલ ક્રિકેટ મેચો ઉપર સટ્ટાની પ્રવૃત્તિ ડામવા માટે અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન બાતમી મળી હતી કે, જીન ફળિયામાં ખુલ્લી જગ્યામાં સુનીલ સુરેશ વસાવા વોટ્સએપ એપ્લિકેશનમાં ટાટા આઈપીએલ 2023 નામનું ગ્રુપ બનાવી સટ્ટો રમાડે છે અને હાલ ગુજરાત ટાઈટન્સ અને રાજસ્થાન રોયલ્સની વચ્ચે રમાઈ રહેલી મેચ ઉપર સટ્ટા બેટિંગ રમી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી રોકડા અને ચાર ફોન મળી કુલ રૂ.1.19 લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો અને જીન ફળિયામાં રહેતા સુનીલ સુરેશ વસાવા પાસે રહેલ મોબાઈલ ફોનમાં તપાસ કરતા તેમાંથી વોટ્સએપ એપ્લિકેશનમાં ટાટા આઈપીએલ 2023 નામનું ગ્રુપ જણાઈ આવ્યું હતું. આ ગ્રુપમાં 15 સભ્ય વચ્ચે બે ખેલાડીની જોડી બનાવેલ હોવાનું બહાર આવ્યું હતું. આ ગ્રુપમાં સભ્ય દીઠ 100 રૂપિયા જમા કરાવી જીતનારને 1300 આપી 200 સુનીલ વસાવા પોતે લઇ લેતો હતો. પોલીસે સટ્ટા બેટિંગનો જુગાર રમતા મુખ્ય સૂત્રધાર અને રોહિત સુરેશ વસાવા, રાહુલ વસાવા અને વિક્રમ વસાવાને ઝડપી પાડ્યા છે. જ્યારે અન્ય 11 જુગારીને વોન્ટેડ જાહેર કરી તપાસ હાથ ધરી છે.

**DATE: 18/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–11**

# અંકલેશ્વરમાં કન્ટેનરમાં PIની ઓફિસ કાર્યરત કરાઈ



અંકલેશ્વર: ઔદ્યોગિક સાથે શહેરીકરણ સાથે વધતા ક્રાઈમને લઈ ગત વર્ષે જ ભરૂચ જિલ્લામાં નવાં 3 પોલીસમથક શરૂ કરાયાં હતાં. અંકલેશ્વર શહેર પોલીસમથકમાંથી અંકલેશ્વર બી ડિવિઝન અલગ પડ્યું હતું. જે પ્રતીન ચોકડી સામે હાલ કન્ટેનરમાં કાર્યરત છે. કન્ટેનરમાં નવું પોલીસ સ્ટેશન તો કાર્યરત થઈ ગયું પણ પોલીસ ઇન્સ્પેક્ટર માટે જગ્યા ન હોય તેની બાજુમાં જ બીજું કન્ટેનર હાઉસ બનાવવામાં આવ્યું હતું. જિલ્લા પોલીસ વડાં ડો.લીના પાટીલ દ્વારા કન્ટેનરમાં સુવિધા સજ્જ બનાવેલી પી.આઈ.ની ઓફિસનું સોમવારે વિધિવત લોકાર્પણ કરાયું હતું. તેઓએ આગામી સમયમાં જગ્યા મળ્યા બાદ બાંધકામ થતાં બી-ડિવિઝન પોલીસ સ્ટેશનનું નિર્માણ કરાશે તેમ કહ્યું હતું. વિધાનસભા 2022ની ચૂંટણીમાં રાજ્યમાં ભરૂચના આલિયા બેટ ખાતે શિપિંગ કન્ટેનરમાં 240થી વધુ મતદારો માટે ચૂંટણી તંત્રે મતદાન મથક બનાવ્યું હતું. હવે શિપિંગ કન્ટેનરમાં આજથી અંકલેશ્વર બી ડિવિઝન પી.આઈ.ની ઓફિસ શરૂ થઈ છે.

DATE: 18/04/2023 CATEGORY: GREEN
E-PAPER SANDESH PAGE–07

### પાંચથી વધુ ગુના નોંધી કાર્યવાહી હાથ ધરી

# પુરઝડપે વાહનો હંકારનારાઓ સામે નબીપુર પોલીસની તવાઈ

। પાલેજ ।

ભરૂચ જિલ્લામાં જ્યાં એક તરફ અકસ્માતની સંખ્યાઓમાં દિન-પ્રતિદિન વધારો નોંધાઈ રહ્યો છે. તો બીજી તરફ ટ્રાફીકના નિયમો વિરૂધ્ધ વાહનો હંકારવા બાબતો પણ સામે આવી રહી છે. યોગ્ય સ્પીડ કરતા વધુ સ્પીડમાં બાઈક કે મોપેડ ચલાવવાનુ ભૂત કેટલાક યુવાનોના માથે ચડયુ હોય તેમ પોલીસ કાર્યવાહી બાદથી ચર્ચાઈ રહ્યુ છે. પુરઝડપે વાહનો હંકારી પોતાની સાથે અન્ય લોકોના પણ જીવ જોખમમાં મુકનાર વાહન ચાલકો સામે નબીપુર પોલીસે લાલઆંખ કરી છે.

નબીપુર પોલીસ વિભાગ દ્વારા વાહન ચેકીંગ કરવામાં આવી રહ્યુ હતુ દરમ્યાન ઝનોર ચોકડીથી હિંગલ્લા ચોકડી તરફ જતા માર્ગ પર પુરઝડપે વાહનો હંકારી લાવી તેમજ કેફી પીણું પી વાહન હંકારનાર વાહનચાલકો સામે પોલીસે તવાઈ બોલાવી તમામ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. નબીપુર પોલીસ છેલ્લા કેટલાક દિવસોથી આ પ્રકારે વાહન ચેકીંગ અભિયાન હાથ ધરી પાંચથી વધુ ગુના દાખલ કરી વધુ સ્પીડમાં વાહન હંકારનારા લોકોને કાયદાના પાઠ ભણાવ્યા છે.

**DATE: 18/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# પત્નીને હેરાન કરતા પતિને શીખ અપાઈ

ઝઘડિયા | ઝઘડિયા તાલુકાનાં નજીકનાં ગામમાંથી એક મહિલાનો ફોન આવેલ કે તેમનાં પતિ કોઈ પણ પ્રકારનો કામ ધંધો કરતા નથી. અને પોતે કોઈ કામ માટે જાય તો પાછળ આવી પીછો કરે ને વહેમ કરે, કામ ધંધો કરવાનું કહે તો કૂવા માં પડી જઈશ તળાવ માં કૂદી જઈશ એ રીતે આત્મહત્યા કરવાની ધમકી આપે છે. ઘટનાને પગલે અભયમ ટીમે સ્થળ પર પહોચી જઈ પતિને પરિવારની જવાબદારી વિષે માહિતગાર કર્યાં હતાં જેથી તેઓને પોતાની ભુલ સમજાઈ હતી અને હવે પછી કોઈપણ પ્રકારની હેરાનગતિ નહીં કરુ તેની ખાત્રી આપી હતી .

**DATE: 18/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### લગ્નના આયોજકને ફરાર જાહેર કરાયાં

# અંકલેશ્વરમાં રાત્રિ સમયે નીકળેલું ડીજે જપ્ત કરાયું

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં ગત રાત્રિના 1 થી 3 વાગ્યા સુધીના અરસામાં નીકળેલા વરઘોડાથી ધ્વનિ પ્રદુષણ ફેલાતાં પોલીસે ડીજેના ઓપરેટરની ધરપકડ કરી હતી જ્યારે ડીજેના સંચાલક અને લગ્નના આયોજક વિરૂધ્ધ ફરિયાદ નોંધી તેને ફરાર જાહેર કર્યા છે.

અંદાડા ગામ ખાતે રહેતા વિપુલ પટેલએ પુત્રના લગ્નમાં બોરસદથી એમ. ક્રિષ્ના બેન્ડએન્ડ સાઉન્ડ સિસ્ટમ મંગાવી હતી. ગત રાત્રીના જીઆઈડીસી વિસ્તારમાં વિઝન સ્કૂલ પાસે વરઘોડો કાઢ્યો હતો. રાત્રીના 1 થી 3 વાગ્યા દરમિયાન નીકળેલાં વરઘોડાના અવાજના કારણે સ્થાનિકોની ઉંઘમાં ખલેલ પહોંચી હતી. કોઈએ પોલીસમાં જાણ કરતાં પોલીસની ટીમ સ્થળ પર પહોંચી હતી.

પોલીસે ડી.જે. ના ઓપરેટર અને વાસદ ચોકડી ખાતે રહેતાં ઓપરેટર રબાજોદ્દીન બેલીમની ધરપકડ કરી હતી જ્યારે લગ્નના આયોજક વિપુલ પટેલને ફરાર જાહેર કરવામાં આવ્યા હતાં. અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે બે પિકઅપ ગાડી, ડી.જે. સિસ્ટમ અને ડી.જી સેટ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 18/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# પશુઓની હેરાફેરીના કેસમાં આરોપી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

પાનોલી પોલીસે 29 જાન્યુઆરી 2023 ના રોજ પાનોલીના રહેમત નગરમાં રહેતા સોયેબ મોહમ્મદ દિનિયાતના ઘરે દરોડા પાડી ગાય, વાછરડા અને બળદ મળી કુલ 19 જેટલા પશુઓને મુક્ત કરાવ્યા હતાં. જેમાં સુરત જિલ્લા મોસાલીની શાન રેસીડેન્સીમાં રહેતો પીકઅપ ચાલક ગુલામ મહંમદ હાજી મુલતાની પોતાની પીકઅપમાં 5 ગાય અને વાછરડાને ક્રૂરતા પૂર્વક બાંધીને લાવ્યો હતો. જેને પાનોલી પોલીસે વોન્ટેડ જાહેર કર્યો હતો.

**DATE: 18/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### અંકલેશ્વરના પુનગામમાં ચોરીની ઘટના બની હતી

# ટ્રાન્સફોર્મર ચોરી કેસમાં ટેમ્પો ડ્રાઈવર 1 વર્ષે સુરતથી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર ના પુન ગામ ની સીમમાં વીજ ટ્રાન્સફોર્મર ચોરી માં સામાન ભરીને લઇ જનાર ટેમ્પો ચાલાક એક વર્ષ બાદ ઝડપાઈ જવા મેયો છે. એક વર્ષ પૂર્વે તસ્કરો ટ્રાન્સફોર્મર તોડી તેમાંથી વિદ્યુત કોયલ ની ચોરી કરી હતી. અગાઉ ઝડપાયેલા 3 આરોપીએ ટેમ્પા ચાલાક નું નામ કબૂલાત માં આપ્યું હતું.

અંકલેશ્વરના પુનગામની સીમમાં ગત માર્ચ 2022માં તસ્કરો વીજ કંપનીના વીજ ટ્રાન્સફોર્મર ને તોડી તેમાંથી રૂપિયા 17 હજાર ની કિંમત ની વિદ્યુત કોયલ ની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. અંકલેશ્વર તાલુકા પોલીસ મથકે જે તે વખતે ફરિયાદ નોંધાઈ હતી. જેની તપાસ દરમિયાન પોલીસ એ 3 જેટલા કોપર ચોરોને ઝડપી પાડ્યા હતા. વિદ્યુત કોયલનો જથ્થો ભરીને લઈ જનાર ટેમ્પો ચાલક ભવન સિંગ રતનસીંગ રાજપૂત નું નામ ખુલતાં તેને ફરાર જાહેર કરાયો હતો. દરમિયાન ગત રોજ પોલીસે ચોક્કસ માહિતી આધારે સુરત ખાતે પુણાગામની ગુરુનગર સોસાયટીમાં રહેતા રહેતા મૂળ રાજસ્થાનના ટેમ્પોચાલકને ઝડપી પાડ્યો છે. તાલુકા પોલીસની ટીમે તેનો કબજો મેળવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અંકલેશ્વર તાલુકામાંથી વીજ કંપનીના ટ્રાન્સફોર્મર તોડી તેમાંથી કોપરની ચોરી કરતી ગેંગ સક્રિય છે અને કેટલાક સમયથી ચોરીના બનાવો અટકાવાનું નામ લઈ રહયાં નથી.

**DATE: 19/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–08**

# હાંસોટમાં જુગાર રમતા ત્રણ ઝડપાયા

ભરૂચ: હાંસોટના રામનગર વિસ્તારના એક મકાનના પાછળના ભાગે જુગાર રમાતો હોવાની બાતમી હાંસોટ પોલીસને મળી હતી. જે બાદ પોલીસે બાતમીવાળી જગ્યાએ દોડી જઈ તપાસ કરતાં ખુલ્લી જગ્યામાં ત્રણ જેટલા ઈસમો પત્તા-પાનાં વડે હાર-જીતનો જુગાર રમી રહ્યા હોવાનું જણાયું હતું. હાંસોટ પોલીસે જુગાર રમી રહેલા રાહુલભાઈ રાજેન્દ્રભાઈ પટેલ, વિનોદભાઈ ગલાબભાઈ વસાવા તથા હિરેનભાઈ વિનોદભાઈ વસાવા (ત્રણેય રહે., હાંસોટ)ને ઝડપી પાડી તેઓ પાસેથી રોકડ રકમ સહિત દાવ પરની રોકડ અને મોબાઈલ ફોન મળી કુલ રૂ.17,610નો મુદ્દામાલ કબજે કરી તમામ સામે કાર્યવાહી હાથ ધરતાં જુગારીઓમાં ફફડાટની લાગણી છવાઈ છે.

DATE: 19/04/2023 CATEGORY: GREEN
E-PAPER GUJARATMITRA PAGE–08

# અંકલેશ્વરના ગોયા બજારમાંથી રૂ.2.71 લાખનો શંકાસ્પદ ગોળ ઝડપાયો

અંકલેશ્વર: અંકલેશ્વર એ ડિવિઝન પોલીસે અંકલેશ્વરના ગોયા બજાર માલી ખડકી વિસ્તારમાં અને પરશેઝ સોસાયટીમાં સંજય અરવિંદલાલ ગાંધીના ત્રણ ગોડાઉન પર રેડ કરી હતી, જેમાં શંકાસ્પદ ગોળ અને જેગરી પાઉડરનો કુલ રૂપિયા 2,71,800નો મુદ્દામાલ ઝડપાયો હતો. આ જથ્થો જપ્ત કરી ફોરેન્સિક વિભાગમાં તપાસ અર્થે મોકલી સંજય ગાંધી વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 19/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### આમોદ પોલીસે ટ્રકના ડ્રાઇવર અને કલીનર સામે ગુનો નોંધી તપાસ આદરી

# આછોદથી ધુલિયા વેચાણ માટે 16 ભેંસો પહોંચે તે પહેલાં પોલીસે બચાવી લીધી

ભાસ્કર ન્યૂઝ | આમોદ

આમોદના તણછા બસ સ્ટેન્ડ પાસેથી પોલીસે ક્રુરતા પુર્વક ખિચોખીચ અને ઘાસચાર વિના ભરેલી 16 ભેંસ ભરેલી ટ્રક ઝડપી પાડી હતી. પ્રાથમિક પુછપરછમાં આછોદ ગામેથી ભેંસોને ભરીને મહારાષ્ટ્રના ધુલિયા ખાતે લઈ જવામાં આવી રહ્યાં હોવાનું માલુમ પડ્યું હતું. ઘટનાને પગલે પોલીસે ટ્રક ડ્રાઈવર-ક્લિનર વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આમોદ પોલીસની ટીમે તણછા ગામના બસ સ્ટેન્ડ પાસેથી એક ટ્રક ઝડપી પડી હતી. જેમાં તપાસ કરતાં 16 ભેંસોને ક્રુરતાપુર્વક ટૂંકા દોરડાથી બાંધેલી હોવાનું જણાયું હતું. ઉપરાંત તેમના માટે ઘાસચારો કે પાણીની વ્યવસ્થા પણ રાખવામાં આવી ન હતી. ઘટના અંગે ડ્રાઈવર ઝાકીરહુસેન યુસુફ અબ્દુલ વ્હોરા (રહે. દેત્રાલ) તેમજ કન્ડક્ટર સુફિયાન યુનુસ અહમદ ટેલર (રહે. આછોદ) ની પુછપરછ કરતાં તેમણે જણાવ્યું હતું કે, આછોદના મુન્શીપાર્ક સોસાયટીના યુસુફ અબ્દુલ્લા ઉનધુને તેમના ઘર પાસેના તબેલામાંથી ભેંસો ભરાવી હતી. જે મહારાષ્ટ્રના ધુલિયા બજારના મેળામાં લઈ જવાના હતાં. જેના પગલે ટીમે 15 હજારની એક લેખે 2.40 લાખની 16 ભેંસ તેમજ 6 લાખની ટ્રક મળી કુલ 8.40 લાખનો મુદ્દામાલ માલ જપ્ત કરી આરોપીઓ વિરૂદ્ધ પશુઘાતકી પણાની કલમ હેઠળ ગુનોનોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ભરૂચ જિલ્લામાંથી મોટા પ્રમાણમાં પશુઓને મહારાષ્ટ્ર મોકલવામાં આવતાં હોય છે. મોટાભાગના પશુઓને મહારાષ્ટ્રના કતલખાનાઓમાં કતલ માટે મોકલવામાં આવતાં હોય છે ત્યારે પોલીસ અને ગૌરક્ષકો પશુઓની હેરાફેરી ઉપર નજર રાખી રહી છે. સરકારે ગુજરાતમાંથી પશુઓની નિકાસ ઉપર પ્રતિબંધ પણ ફરમાવી દીધો છે.

**DATE: 19/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# અંકલેશ્વરમાંથી દારૂ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર ના જૂના નેશનલ હાઈવે પર આવેલ સાંઈ ગોલ્ડન એપાર્ટમેન્ટમાં પોલીસે રેઈડ કરીને દારૂના જથ્થા સાથે એક ઈસમની ધરપકડ કરી હતી. એપાર્ટમેન્ટના સાતમા માળે રહેતા તલ્હા શેખના ઘરેથી દારૂનો જથ્થો મળી આવતા તેની ધરપકડ કરી રૂપિયા 6,800 ની કિંમતનો દારૂનો જથ્થો કબ્જે કરી ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આરોપી કોની પાસેથી દારૂ લાવ્યો હતો અને કોને આપવાનો હતો તેની તપાસ ચાલી રહી છે.

**DATE: 20/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–04**

# ાસમડીમાં IPL ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા બે ઝડપાયા

રૂચ: ભરૂચ LCB પોલીસ પેટ્રોલિંગમાં હતી. એ વેળા બાતમી મળી હતી
, અંકલેશ્વરના કોસમડીની સફેદ કોલોનીમાં એન્ડ્રોઇડ મોબાઇલ પર
ોનલાઇન ID વડે આર્થિક ફાયદા માટે સટ્ટો રમાય છે. આ બાબતે પોલીસે
પોદ્રા ખાતે સુંદરવન સોસાયટી બહાર રોડ ઉપર આવેલી દુકાનમાં રેડ કરતાં
ાસિફ ચાંદ મોહમંદ રંગરેજ (ઉં.વ.૩૨) (રહે., સફેદ કોલોની કોસમડી)
ને સંદીપ લુનીયા પાસેથી રૂ.૬૦૦૦, એક મોબાઇલ રૂ.૨૫,૦૦૦, સાહિત્ય
પી મળી કુલ રૂ.૩૧,૦૦૦નો મુદ્દામાલ કબજે લેવાયો હતો.

**DATE: 20/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–07**

# અંકલેશ્વર GIDCના બંધ ગોડાઉનમાંથી 44.66 લાખનો દારૂ ઝડપાયો, એક વોન્ટેડ

**પોલીસે** બાતમીના આધારે રેઈડ કરી તો ગોડાઉનને તાળું મારેલું હતું



ભરૂચ: અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે વિહીતા કેમ ચોકડી નજીકના એક બંધ ગોડાઉનમાંથી રૂ.44.66 લાખની કિંમતનો દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે બાતમીને આધારે રેઈડ કરી હતી અને ગોડાઉન માલિકને પૂછતાં તેણે તે ભાડે આપ્યું હોવાની કેફિયત મળી હતી. પોલીસે ગોડાઉન ભાડે રાખનારા અમદાવાદના ઈસમને વોન્ટેડ જાહેર કરી કાર્યવાહી હાથ ધરી છે.

ઔદ્યોગિક નગરી અંકલેશ્વર જાણે ગોડાઉન ભાડે રાખી દારૂનો જથ્થો સ્ટોક કરવાનું એ.પી. સેન્ટર બની રહ્યું હોય તેમ ચોથી ઘટના સામે આવી છે. જીઆઈડીસી પોલીસે વધુ એક બંધ ગોડાઉનનું તાળું તોડતાં અંદરથી લાખો રૂપિયાનો દારૂ અને બિયરનો જથ્થો મળી આવ્યો છે.

અંકલેશ્વર જીઆઈડીસી ખાતે વિહીતા કેમ ચોકડી નજીક આવેલ વધુ એક ગોડાઉનમાંથી રૂ. ૪૪.૬૬ લાખનો વિદેશી દારૂનો જથ્થો અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે ઝડપી પાડ્યો હતો. અંકલેશ્વર જીઆઈડીસી પોલીસને મળેલ માહીતીના આધારે વિહીતા કેમ ચોકડી નજીક આવેલ એક ગોડાઉનમાં પી.આઈ. સહિતના સ્ટાફે દરોડો પાડ્યો હતો. તપાસ કરતા ગોડાઉનમાં તાળું મારેલું હોય અને આસપાસ કોઈ નહિ હોવાથી ગોડાઉનના માલિક અશ્વિન પટેલને બોલાવાયા હતા.

ગોડાઉન માલિક પાસે ચાવી નહીં હોવાથી તાળું તોડીને અંદર પ્રવેશી તપાસ હાથ ધરાઈ હતી. ગોડાઉનમાં પુઠ્ઠાના બોક્સમાં સંતાડેલો વિપુલ માત્રામાં વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસે દારૂની અલગ અલગ બ્રાન્ડની ૩૨,૪૨૪ બોટલો કિં. રૂ. ૪૩ લાખ અને બિયરના ૧૧૪૦ ટીન નંગ કિં. રૂ. ૧.૪૦ લાખ મળીને કુલ રૂ. ૪૪.૬૬ લાખનો દારૂનો વિપુલ જથ્થો ઝડપી પાડ્યો હતો.

જ્યારે ગોડાઉન ભાડે રાખનારા અમદાવાદનો ઈસમ પઠાણ નિશાર કલાલખાનની શોધખોળ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

અગાઉ પણ અંકલેશ્વરમાંથી ગોડાઉન ભાડે રાખી દારૂ બિયરની પેટીઓના ખડકલાને પોલીસે કબજે કર્યો હતો. ગોડાઉન ભાડે રાખી દારૂનો સ્ટોક કરવાની આ ચોથી ઘટના સામે આવી છે. અસામાજિક તત્વો અને બેનંબરીયા દ્વારા અપનાવાઈ રહેલી આ મોડ્સ ઓપરેન્ડી સામે હાલમાં જ પોલીસે ગોડાઉનોનું માસ ચેકિંગ પણ હાથ ધર્યું હતું. જોકે તેમાં કંઈ ખાસ ગેરકાનૂની ગતિવિધિ મળી ન હતી.

**DATE: 20/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### નિતરતી રેતીના વહનથી થતાં કીચડથી અકસ્માતનો ભય હોવાની હજારો ફરિયાદ હતી

# ભરૂચમાં આખરે પોલીસે આળસ મરડી, 5 ઓવરલોડ હાઈવા જપ્ત

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લામાં આવેલી રેતીની લીઝોના સંચાલકો દ્વારા નિયમોનું પાલન કર્યાં વિના જ રેતી ખનન અને વહન કરવામાં આવતું હોવાનો રોષ વારંવાર સ્થાનિકો દ્વારા વ્યક્ત કરવામાં આવે છે. તેમ છતાંય રેતી માફિયાઓ બેફામ રીતે તેમની મનમાની કરી રહ્યાં છે. ત્યારે રેતી માફિયાઓ પર અંકુશ લાવવા માટે ભરૂચ જિલ્લા પોલીસે શરૂઆત કરી છે. શુક્લતીર્થ, અંગારેશ્વર તેમજ તેની આસપાસના ગામોમાં આવેલી રેતીની લીઝોમાંથી પાણી નિતરતી રેતી ડમ્પરોમાં ભરીને તેના પર નિમાનુંસાર તાડપત્રી નહીં ઢાંકી વહન કરાવામાં આવતી હોવાથી રસ્તામાં ડમ્પરમાંથી પડતાં પાણીના કારણે કિચ્ચડ થવાથી કે રેતી ઉડવાને કારણે દ્વિચક્રિય વાહન ચાલકોને અકસ્માત થવાની પુરેપુરી સંભાવનાઓ સર્જાય છે. જેના પગલે નબીપુર પોલીસ દ્વારા ખાસ મુહિમ ચલાવી નબીપુર-શુક્લતીર્થ રોડ પર બેફામ દોડતા હાઈવા ડમ્પર તથા ટ્રક પર તવાઇ બોલાવવામાં આવી રહી છે. નબીપુર પોલીસે નબીપુર બ્રીજ તેમજ શુક્લતીર્થ ગામે ખાસ વાહન ચેકિંગ હાથ ધરી 5 હાઈવા ડમ્પર-ટ્રક ઝડપી પાડી હતી. તેમજ તેમના ડ્રાઈવરો સામે વાહનોને ઓવેલોડ કરી વધુ માટી ભરી, રેતી ભરેલી પાણી નીતરતી ટ્રકો પર તાડપત્રી નહિ ઢાંકી, રસ્તા પર કીચડ કરી અન્ય વાહન ચાલકોના જીવ જોખમમાં મુકવા તેમજ જાહેરનામાના ભંગ બદલનો ગુનો નોંધ્યો છે. ભરૂચ જિલ્લાના પૂર્વ પટ્ટીના ગામોમાં રેતીની અનેક લીઝો ધમધમી રહી છે. નર્મદાના પેટાળમાંથી રોજની હજારો ટન માટી ઉલેચવામાં આવી રહી છે. ગેરકાયદે ખનનના કારણે નર્મદા નદી ઉંડી બની ચુકી છે. અને રેતી ભરેલા હાઈવા અનેક નિર્દોષ લોકોનો ભોગ લઈ રહયાં છે ત્યારે આવી પ્રવૃતિ રોકવી જરૂરી બની છે.

**DATE: 20/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### ભરૂચના ભૃગુઋષી ઓટો ગેરેજ પાસેનો બનાવ

# રિક્ષામાંથી દારૂ ભરેલી બેગ લઈ ઉતરેલો બૂટલેગર ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના ભૃગુઋષી ઓટો ગેરેજ પાસે એક બુટલેગર દારૂની બોટલો ભરેલી બેગ સાથે રીક્ષાંમાથી ઉતર્યો તે વેળાં જ પોલીસે તેને ઝડપી પાડ્યો હતો.

ભરૂચ એ ડિવિઝન પોલીસ સ્ટેશનનો કાફલો દાંડિયાબજાર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો. તે વેળાં સોનેરી મહેલ આચારવાડની ખડકી ખાતે રહેતો નિલેશ મોદી વિદેશીદારૂનો વેપલો કરતો હોવાની ચોક્કસ બાતમી મળી હતી. દરમિયાનમાં ભૃગુઋષી ઓટો ગેરેજની સામે એક રીક્ષામાંથી શખ્સ ઉતર્યાં બાદ ઉતાવળો ચાલતો હોઈ પોલીસે તેને શંકાના આધારે રોક્તાં તે બુટલેગર નિલેશ મોદી જ હોવાનું માલુમ પડ્યું હતું. ટીમે તેની બેગની તલાશી લેતાં તેમાં વિદેશીદારૂની એક લીટરની એક, 750 મીલીની એક તેમજ 275 મીલીની 10 એમ કુલ 12 બોટલો મળી આવી હતી. ટીમે તેની પાસેથી એક મોબાઈલ તેમજ દારૂ મળી કુલ 6500નો મુદ્દામાલ જપ્ત કરી તેની સામે ગુનો દાખલ કર્યો છે.

**DATE: 20/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### સીએમ ત્રણ સ્થળોએ આગેવાનો સાથે અલગ અલગ બેઠકો યોજશે

# મુખ્યમંત્રી આજે ભરૂચના મહેમાન 1,000થી વધુનો પોલીસ બંદોબસ્ત

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આજે ગુરૂવારે ભરૂચની મુલાકાતે આવી રહ્યાં છે. પંડિત ઓમકારનાથ ઠાકુર કલાભવન ખાતે સવારે 10 કલાકથી ભાજપના જિલ્લા સંગઠનના અપેક્ષિત કાર્યકરો અને આગેવાનો સાથે બે કલાકની ગહન ચર્ચા કરશે. ત્યારે સીએમની મુલાકાતને લઈને પોલીસ વિભાગ દ્વારા ખાસ બંદોબસ્ત ખડકવામાં આવ્યો છે. જેમા 5 ડિવાયએસપી તેમજ 11 પીઆઇ સહિત 650થી વધુ પોલીસકર્મીઓનો બંદોબસ્તમાં તૈનાત રહેશે.

વર્ષ 2024માં યોજાનારી લોકસભાની ચૂંટણીને લઈને રાજકિય પક્ષો સક્રિય થઈ ગયાં છે. ત્યારે ગુજરાત રાજ્યની તમામ 26 બેઠકો પર વિજય પરચમ લહેરાવા માટે ભાજપે કમરકસી લીધી છે. જેના ભાગરૂપે ભાજપ સંગઠન અને જનપ્રતિનિધિઓ સાથે બેઠકો યોજી સ્થિતીનો તાગ મેળવવા માટે આજે ગુરૂવારે રાજ્યના સીએમ ભુપેન્દ્ર પટેલ ભરૂચની મુલાકાતે આવી રહ્યાં છે. સવારે 10 થી 12 સુધી તેઓ ભાજપના જિલ્લા સંગઠનના અપેક્ષિત કાર્યકરો અને આગેવાનો સાથે બે કલાકની ગહન ચર્ચા કરશે. ત્યારબાદ બપોરે 12 કલાકે આત્મીય હોલ ખાતે જન પ્રતિનિધિઓ સાથે બેઠક કરશે. આ બેઠક એક કલાક સુધી ચાલશે. ત્યારે સીએમની મુલાકાતને લઈને પોલીસ વિભાગ દ્વારા ખાસ બંદોબસ્ત ખડકવામાં આવ્યો છે. જેમા 5 ડિવાયએસપી તેમજ 11 પીઆઈ, 37 પીએસઆઈ, 552 પોલીસ જવાનો તેમજ 42 મહિલા પોલીસ સહિત 650થી વધુ પોલીસકર્મીઓનો બંદોબસ્તમાં તૈનાત રહેશે.

## અમુક કાર્યકરોને આમંત્રણ ન મળતાં કચવાટ

સુ લોકસભાની ચૂંટણી પહેલાં મુખ્યમંત્રી દરેક જિલ્લાની મુલાકાત લઈ રહયાં છે. આજે અમાસના દિવસે તેઓ ભરૂચમાં આવી રહયાં છે. મુખ્યમંત્રીના ત્રણ સ્થળે થનારા કાર્યક્રમોમાં અલગ અલગ લોકોને આમંત્રણ આપવામાં આવ્યાં છે. કેટલાક કાર્યકરોને આમંત્રણ નહિ આપવામાં આવતાં તેમનામાં કચવાટ જોવા મળ્યો હતો.

# નવા દીવા ગામે જુગારધામ પર દરોડા, 4 જુગારી ઝડપાયા

અંકલેશ્વરઃ અંકલેશ્વરના નવા દીવા ગામે જુગાર રમતી બે મહિલા સહિત ચાર ઝડપાયા હતા. ભરૂચ એલસીબીનો સ્ટાફ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો. દરમિયાન બાતમી મળી હતી કે, અંકલેશ્વરના નવા દીવા ગામના શામજી ફળિયામાં રહેતો માનીશ ઉર્ફે કનો નટવર વસાવા માણસો ભેગા કરી ફરક આંકનો જુગાર રમાડે છે. આ બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી રોકડા ૩ હજાર મળી કુલ ૯ હજારથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો અને જુગાર રમતી નવા બોરભાઠા ગામના ટેકરા ફળિયામાં રહેતી શબાના સુલતાન મગબુલ શેખ, ગીતાબેન વસાવા અને કનુ સોમદાસ પટેલ અને ચંદુ વસાવાને ઝડપી પાડ્યો હતો. જ્યારે મુખ્ય સૂત્રધાર ફરાર થઇ ગયો હતો.

**DATE: 22/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–07**

# નેત્રંગમાં વિદ્યાર્થિની ઉપર દુષ્કર્મ ગુજારનાર સામે ગુનો દાખલ

**સગીરાને** ૭ માસનો ગર્ભ રહેતાં ભાંડો ફૂટ્યો

ભરૂચ, નેત્રંગઃ ભરૂચ જિલ્લાના નેત્રંગ પંથકમાં પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતી ૧૫ વર્ષની વિદ્યાર્થિનીને શિષ્યવૃત્તિ માટે નજીકના બેન્ક ઓફ બરોડા ખાતે સ્કોલરશીપ માટે બેન્ક એકાઉન્ટ ખોલાવવા ગઈ હતી. દરમિયાન નરાધમના સંપર્કમાં આવતાં નરાધમે સગીરાનું અપહરણ કરી તેણી સાથે વારંવાર બળાત્કાર ગુજારતાં સગીરાને ૭ માસનો ગર્ભ રહી જતાં પોલીસે નરાધમ સામે બળાત્કાર અપહરણ સહિત પોક્સો



હેઠળ ગુનો દાખલ કર્યો છે.

ભરૂચ જિલ્લાના નેત્રંગ પંથકમાં પીડિતાની માતાએ ફરિયાદ નોંધાવી છે, જેમાં તેણીએ આક્ષેપ કર્યા છે કે, મારી દીકરી નેત્રંગની નવી જામુની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરે છે અને તેણીની શિક્ષણની શિષ્યવૃત્તિ માટે બેન્ક એકાઉન્ટ ખોલાવવું જરૂરી હતું અને બેંક એકાઉન્ટ ખોલાવવા માટે ગઈ હતી. એ વેળા આરોપી અલ્પેશકુમાર અર્જુનભાઈ વસાવા (રહે., ચાસવડ-ઝરણા નેત્રંગ) વર્ષ-૨૦૧૯થી ૨૦૨૨ દરમિયાન સતત સંપર્કમાં રહી તેણીની સાથે વારંવાર બળાત્કાર કર્યો હોવાના ફરિયાદીએ આક્ષેપ કરી બેંક એકાઉન્ટ ખોલાવવા સમયે અલ્પેશ વસાવા વિદ્યાર્થિનીના સંપર્કમાં આવ્યો હતો અને ત્યારબાદ બંને જણા ફોન ઉપર વાતચીત કરતાં હતાં અને ભોગ બનનારને પ્રથમ વખત કપડાં આપવાની લાલચ આપી પંજાબ નગરી ગામની સીમા લઈ જઈ દુષ્કર્મ આચર્યું હતું. ત્યારબાદ પણ વારંવાર ફરિયાદીના ઘરની અંદર પ્રવેશ કરી જબરદસ્તીથી સગીરા ઉપર બળાત્કાર કર્યો હતો અને સગીરાને પેટમાં દુખાવો ઉપડતાં મેડિકલ તપાસ અર્થે લઈ જતા તેના પેટમાં ૭ માસનો ગર્ભ હોવાનો ભાંડો ફૂટતાં નરાધમ સગીરાને વારંવાર મારી નાંખવાની ધમકી આપી તેની સાથે બળાત્કાર કરતો હોય તેવી કેફિયત પીડિતાએ રજૂ કરી હતી. જેના પગલે પીડિતાની માતાએ નેત્રંગ પોલીસ સ્ટેશને ફરિયાદ આપતાં નરાધમ અલ્પેશ અર્જુન વસાવા સામે અપહરણ બળાત્કાર તથા જાનથી મારી નાંખવા સહિત પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી તેને પકડવાનાં ચક્રો ગતિમાન કર્યાં હતાં.

**DATE: 22/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–02**

## ધો. ૧૨માં નપાસ થવાના ડરે ઘર છોડ્યું

# જંબુસર ખાતેથી ગુમ થયેલો કિશોર ગોવાથી મળી આવ્યો

। જંબુસર ।

જંબુસર -ઉમરા માર્ગ ઉપર આવેલ માર્બલના કારખાનામા પરીવાર સાથે રહેતો સગીર યુવાન ભરૂચ ખાતે ગુજકેટ પરિક્ષા આપવા ગયો હતો. ત્યાથી ગુમ થતા આખરે ગોવાથી મળી આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર જંબુસર ઉમરા માર્ગ ઉપર ચંદ્રાઈની ટાંકી પાસે આવેલ માર્બલ ના કારખાના મા પરીવાર સાથે રહેતા અબ્દુલલતીફ અહમદ ખાંડવાલા ઉ.વ.૪૨ ધંધો- મજૂરી મુળ રહે-સારોદ પાનવાલા ખડકી તા.જંબુસર જી.ભરૂચ ના ઓ ના સગીર વયના પુત્ર અદનાન ઉ.વ.૧૯ વર્ષ ૧૦ માસ ગઈ તા.ત્રીજી એપ્રિલ ના રોજ સવારે ૯-૩૦ કલાકે જંબુસર એસ.ટી.ડેપો પરથી બસમાં બેસી શ્રવણ વિધ્યાધામ લીંક રોડ ભરૂચ ખાતે ગુજકેટની પરીક્ષા આપવા માટે જઉં છું તેમ કહી ઘરેથી નિકળી ગયો હતો. જે સાંજ સુધી પરત ઘરે આવેલ નહી જેથી તેઓના પિતા દ્વારા સગીર વયના પોતાના પુત્ર ને કોઈ અજાણ્યો ઈસમ અપહરણ કરી લઈ ગયા હોવાની આશંકાવ્યકત કરી હતી. તેઓ એ આ બાબતે જંબુસર પોલીસ મથકે જાણ કરતા જંબુસર પોલીસે ગુનો દાખલ કરી પોલીસ ઈન્સ્પેકટર વી.એન રબારી, પોલીસ સબ ઈન્સ્પેકટર જે.જી.કામળીયા એ ગુમ થયેલ અદનાનની શોધખોળ આદરી હતી. ગુમ થયેલ અદનાન ના મોબાઈલ લોકેશન તથા ભરૂચ તથા સુરત રેલ્વે સ્ટેશન ના તથા અન્ય સ્થળો ના સીસીટીવી ફૂટેજ ના આધારે તપાસ કરતા અદનાન ગોવા હોવાનુ જણાઈ આવતા પોલીસ ઈન્સ્પેકટર વી.એન રબારી સહિત ટીમ ગોવા પહોંચી ગઈ હતી. જયા ગોવા ના મડગાંવ વિસ્તાર મા આવેલ ઓલ સીઝન ગેસ્ટ હાઉસ માથીગુમ થયેલ અદનાન મળી આવતા પોલીસ સબ ઈન્સ્પેકટર જે.જી.કામળીયા એ તેની પુછપરછ કરતા ધોરણ ૧૨ ની પરીક્ષા મા કેમેસ્ટ્રી તથા મેથ્સ નુ પેપર સારૂ નહી જવાથી નપાસ થવાના ડરે ઘર છોડી જતો રહયો નુ જણાવ્યુ હતુ. પોલીસ અદનાનને ગોવા થી જંબુસર પરત લાવી ને તેના પરિવાર ને સુપ્રત કરતા પરિવારજનો મા ખુશી છવાઈ ગઈ હતી.

**DATE: 22/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–11**

### અંકલેશ્વરમાં સગી ભાણેજ સાથે દુષ્કર્મ આચરી ગર્ભવતી બનાવી

# કળિયુગી મામાએ ભાણીને ગાડી શીખવવાના બહાને દુષ્કર્મ આચર્યું

। અંકલેશ્વર ।

અંકલેશ્વરમાં ગાડી શીખવવાના બહાને સગા મામાએ જ સગીર વયની ભાણીને ગર્ભવતી બનાવી દીધી હોવાની ચોંકાવનારી ફરિયાદ જીઆઈડીસી પોલીસ મથકે નોંધાઈ હતી. નાસ્તાની લારી ચલાવતા બહેનની ૧૪ વર્ષીય દીકરીને ગાડી શીખવવાના બહાને મામાએ ઝાડીમાં લઈ જઈ દુષ્કર્મ આચર્યું હતું.આ મામલે પોલીસે નરાધમ મામા ની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

ગત જાન્યુઆરી માસમાં અંકલેશ્વર જીઆઈડીસીમાં રહેતા મામાએ પોતાના સગા બહેન-બનેવી જે ચા-નાસ્તાની લારી ચલાવે છે ત્યાં ગયો હતો. પોતાની દીકરી તુલ્ય ૧૪ વર્ષ અને ૯ માસની ભાણીને ગાડી શીખવાની લાલચ આપી હતી. મામા સાથે ગાડી શીખવા જતા હોવાથી માતા-પિતાને પણ આંખો મીંચી વ્હાલસોઈ પુત્રી ગાડી શીખવા મોકલી આપી હતી. જોકે કળિયુગી મામાએ ભાણીને ગાડી શીખવવાના બહાને નજીક આવેલા ઝાડી ઝાંખરામાં લઈ જઈને માસૂમ ભાણીને પીંખી નાખી હતી. આ મામાએ ભાણીને જો કોઈને કહીશ તો જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. જે બાદ સગીરા મામાના ડરથી ચુપકીદી સેવી લીધી હતી. જોકે મામાનું પાપ રૂપી કુકર્મ છાપરે ચઢી પોકારતા સગીરા કાચી ઉંમરે ગર્ભવતી બની ગઈ હતી. સગીરાને ગર્ભ રહી જતા આખો મામલો સામે આવ્યો હતો. પુત્રીના ગર્ભ બાબતે પરિવારને જાણ થતા તેઓ સ્તબ્ધ થઈ ગયા હતા.

આ મામલે તેઓ પુત્રીને વિશ્વાસમાં લઈ પૂછતાં કંસરૂપી મામાના કુકર્મની કરામણી ઘટના સામે આવી હતી. ત્યારબાદ સગીરાના માતા-પિતા અને નરાધમ મામા સામે અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે દુષ્કર્મ, પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ ધરી હતી દરમ્યાન જીઆઈડીસી પોલીસે ગણતરી ના કલાકો માં નરાધમ મામા ની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 22/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## આછોડ ગામના તસ્કરની ધરપકડ કરાઇ

# ઓચ્છણથી 54 હજારની ચોરીનો ભેદ ઉકેલતી પોલીસ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચની નર્મદા ચોકડી પાસે આવેલાં શ્રીનિકેતન-3 ખાતે રહેતાં આકાશ મહેશ શ્રીવાસ્તવ ટાટા પ્રોજેક્ટ કંપનીમાં લાઇઝનિંગ મેનેજર તરીકે ફરજ બજાવે છે. તેમને આમોદ પોલીસની ટીમે ફોન કરી જાણ કરી હતી કે, ઓચ્છણ ગામેથી તેલોદ જવાના રોડ પર તેમને એક છોટાહાથી ટેમ્પો પકડ્યો છે. જેમાં લોખંડની એંગલો તેમજ અર્ધ ગોળાકાર લોખંડની પ્લેટો છે. જેની કુલ કિંમત 54 હજાર જેટલી થાય છે.

તેની સાથે ગાડીના ડ્રાઈવર મોહસિન વલી પટેલ (રહે. નુરાનીપાર્ક, આછોદ) ની પણ ધરપકડ કરી છે. પ્રાથમિક પુછપરછમાં તેણે ઓચ્છણ ગામ પાસે નવી બનતી રેલવે લાઈનના બ્રીજ નીચેથી સામાન ચોરી કરી હોવાની કબુલાત કરી હોવાનું જણાવ્યું હતું.

**DATE: 22/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### અંકલેશ્વરમાં એટીએમ બદલી ઠગાઇનો મામલો

# ઠગાઈમાં ફરાર આરોપી મહેસાણાથી સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

રાજ્યમાં બાઈક પર રખડીને એટીએમ પર આવેલાં લોકોને મદદના બહાને એટીએમ બદલી નાખી ઠગાઇ કરતી ટોળકીનો ફરાર સાગરિત ઝડપાયો છે. ભરૂચ પોલીસ હેડકવાટર્સની મહિલા કોન્સટેબલનું એટીએમ બદલીને 1 લાખથી વધુની રકમ ગઠિયાઓએ ઉપાડી લીધી હતી.

ભરૂચની મહિલા પોલીસ કર્મચારી સાથે થયેલી ઠગાઈના કેસમાં પોલીસે કડી તાલુકાના સુરજ ગામેથી શૈલેષ કનુ સલાટને ઝડપી પાડયો હતો. શૈલેષે તેની સાથે મહેસાણાના જોટાણાનો નાગજી પ્રભાત રબારી પણ ગુનાખોરીમાં સામેલ હોવાની કબુલાત કરી હતી. બંને બાઈક પર રાજ્યના વિવિધ શહેરોમાં ફરતાં હતાં અને લોકોના એટીએમ બદલી ઠગાઈ કરતાં હતાં. અંકલેશ્વરમાં કરેલી ઠગાઈ બાદ પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે શૈલેષને ઝડપી પાડયો હતો અને હવે નાગજી રબારી પણ પોલીસ સકંજામાં આવી ગયો છે. પોલીસે મહેસાણાથી ચોક્કસ માહિતીના આધારે તેને ઝડપી પાડયો છે.

**DATE: 22/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# ભરૂચના બૂટલેગરના ઘરેથી વિદેશી દારૂ ભરેલી બેગ મળી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરના નવાડેરા ચંદન ચોક ખાતે રહેતાં બુટલેગર પરેશ ઉર્ફે લાડવો રમેશ કાયસ્થના ઘરે પોલીસે દરોડો પાડી વિદેશીદારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. ટીમે તેના ઘરમાંથી 18 હજારથી વધુની મત્તાનો વિદેશીદારૂ ભરેલી બે કોલેજ બેગ જપ્ત કરી હતી. જે અંગીની પુછપરછ કતાં તેણે જણાવ્યું હતું કે,લાલબજાર વિસ્તારમાં રહેતો એઝાઝ તેને દારૂ આપી ગયો હતો. પોલીસે બુટલેગર તેમજ તેને દારૂ આપી જનાર બુટલેગર વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

**DATE: 24/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–02**

### બે કોમના તહેવારોને ધ્યાને રાખી ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો

# અંકલેશ્વરના ઈદગાહ ખાતે ઈદની ખાસ નમાઝ અદા કરવામાં આવી

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



પવિત્ર રમઝાન માસની પૂર્ણાહુતિ થઈ ગઈ છે. એક માસ સુધી રોઝા રાખી અલ્લાહ ની ઈબાદત કર્યા બાદ આજરોજ ઉત્સાહ સાથે શાંતિપૂર્ણ માહોલમાં રમઝાન ઈદ ના પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

અંકલેશ્વરના ઈદગાહ મેદાન પર ઈદની નમાઝ નું આયોજન કરવામાં આવ્યું હતું ત્યારે મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરોએ ઈદની નમાઝ અદા કરી અલ્લાહની બંદગી ગુજારી હતી અને એકમેકને ઈદના પર્વ ની શુભકામના પાઠવવામાં આવી હતી. રમજાન ઈદ અને પરશુરામ જયંતિ તહેવાર સાથે આવ્યા હોવાથી અંકલેશ્વર પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.જિલ્લા પોલીસ વડા ડોક્ટર લીના પાટીલ પણ અંકલેશ્વર ના ઈદગાહ મેદાન ખાતે આવી પહોંચ્યા હતા અને પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. જોકે સંપૂર્ણ શાંતિ અને ભાઈચારાનો માહોલ વચ્ચે ઈદ પર્વની ઉજવણી સંપન્ન થઈ હતી.

**DATE: 24/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

ભરૂચ - નર્મદા જિલ્લામાં ઇદુલફિત્રની સૌહાર્દભર્યા માહોલમાં ઉજવણી

# વિશ્વશાંતિ અને જનકલ્યાણ માટે બિરાદરોએ અલ્લાહની બંદગી કરી



ભરૂચના ઐતિહાસિક ઈદગાહ મેદાન ખાતે રમઝાન ઈદની નમાઝ અદા કરવામાં આવી હતી.

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ અને નર્મદા જિલ્લામાં શનિવારે રમઝાન ઈદ એટલે કે ઈદુલફિત્રના પર્વની મુસ્લિમ બિરાદરોએ ઉજવણી કરી હતી. વહેલી સવારે ઈદગાહ તેમજ મસ્જિદોમાં ઈદની વિશેષ નમાઝ અદા કરવામાં આવી હતી. ભરૂચ શહેરના ઐતિહાસિક ઈદગાહના મેદાન ખાતે હજારોની સંખ્યામાં એકત્ર થયેલાં બિરાદરોએ બંદગી ગુઝારી હતી.

શનિવારના રોજ રમઝાન ઈદ, પરશુરામ જયંતિ અને અખાત્રીજના તહેવારનો ત્રિવેણી સંગમ થયો હતો. ઈદુલફીત્ર મુસ્લિમ સમુદાયનો સૌથી મોટો તહેવાર છે. રમઝાન માસના 30 રોજા પછી ઈસ્લામી કેલેન્ડર સવ્વાલ માસનો ચાંદ દેખાતા ઈદુલફીત્રનો તહેવાર સમગ્ર દેશમાં ઉજવવામાં આવે છે.ચાલુ સાલે ભારત દેશમાં નરી આંખે ચાંદ દેખાઈ આવતા સમગ્ર મુસ્લિમ સમુદાયે એક સાથે ઈદના તહેવારની ઉજવણી કરી હતી. ભરૂચ અને નર્મદા જિલ્લામાં કોમી એકતા અને ભાઈચારાના માહોલમાં ઈદની ઉજવણી થઈ હતી. મસ્જિદોમાં ઈદનો મર્મ અને મહત્વ સમજાવતી તકરીરો તથા દેશ અને દુનિયામાં અમન ચેન માટે દુવાઓ કરવામાં આવી હતી. ભરુચ શહેરમાં ઐતિહાસિક ઈદગાહ મેદાન ખાતે હજારો મુસ્લિમ બિરાદરોએ નમાઝ અદા કરી હતી. અંકલેશ્વર, જંબુસર, રાજપારડી, ઝઘડિયા, સેલંબા, સાગબારા, તિલકવાડા, દેડિયાપાડા, વાલિયા, નેત્રંગ, આમોદ, હાંસોટ, જંબુસર, વેડિયા, વાગરા સહિતના નગરોમાં પણ મુસ્લિમ બિરાદરોએ નમાઝ અદા કરી હતી. હિંદુ ભાઈઓએ પણ મુસ્લિમ બિરાદરોને ઈદના પર્વની શુભેચ્છાઓ આપી હતી.

**DATE: 24/04/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### શહેરમાં સવારના ૯થી રાત્રીના ૯ સુધી ભારદારી વાહનો પર પ્રતિબંધ

# ભરૂચમાં શ્રવણ ચોકડીથી આવતાં 3 ડમ્પર જપ્ત કરાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરમાંથી પસાર થતી કંપનીઓની ખાનગી બસો તેમજ અન્ય ભારદારી વાહનોને કારણે ટ્રાફિક તેમજ અકસ્માતોની છાસવારે ઘટનાઓ બની છે. જેના કારણે જિલ્લા જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા શહેરમાં સવારના ૯થી રાત્રીના ૯ વાગ્યા સુધી શહેરી વિસ્તારમાં ખાનગી બસો અને ભારદારી વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જાહેરનામાનું ચુસ્તપણે પાલન થાય તે માટેના તમામ પ્રયાસો વહિવટી તંત્ર તેમજ પોલીસ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવ્યાં છે. ઉપરાંત શહેરના વિવિધ વિસ્તારોમાં પોલીસ દ્વારા તૈનાત રહીં ટ્રાફિક નિવારણ સહિત શહેરમાં ગેરકાયદે પ્રવેશી ગયેલાં ભારે વાહનો સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. દરમિયાનમાં રમઝાન ઇદ તેમજ પરશુરામ જયંતિ નિમિત્તે ભરૂચ એ ડિવિઝન પોલીસ સ્ટેશનની હદમાં અલગ અલગ ટીમો બંદોબસ્તમાં હતી. તે શ્રવણ ચોકડીથી શક્તિનાથ તરફ આવી રહેલી ત્રણ ટ્રકો સામે ટીમે ઝડપી પાડી હતી. તેમની પાસે ખાસ કિસ્સામાં શહેરમાં ભારેવાહન લાવવા બદલની કોઇ પરવાનગી છે કે કેમ તેની વિગતો મેળવવાનો પ્રયાસ કરતાં તેમની પાસે કોઇ પરવાનગી ન હોવાનું માલુમ પડતાં પોલીસે તમામ વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, થોડા દિવસો પહેલાં લીંક રોડ પરથી સાયકલ લઇને પસાર થઇ રહેલાં સિક્યુરીટી ગાર્ડને ડમ્પરના ચાલકે અડફેટમાં લેતાં તેનું કરૂણ મોત થયું હતું અને ઉશ્કેરાટ ફેલાયો હતો.